ગુજરાતના માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત
ફંડમાંથી કૃત્રિમ હૃદય પ્રત્યારોપણના રોગના
કેસોમાં ખાસ કિસ્સામાં તબીબી સહાયના
ધોરણ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
ઠરાવ ક્રમાંક:સીએલએસ/૧૦૨૦૧૯/મુમક/વીઆઈપી/૬૦/સ.૪,
સચિવાલય,ગાંધીનગર,
તા.૨૨/૧/૨૦૨૧.

**વંચાણે લેવા :-**

(૧) મહેસુલ વિભાગની માન.મુખ્ય મંત્રીશ્રીના રાહતફંડ શાખાનો ઠરાવ ક્રમાંક:સીએમએફ/ ૩૬૨૦૦૮/૬૩/ફંડ,તા.૪/૬/૨૦૦૯

(૨) મહેસુલ વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ તા.૫/૧૧/૨૦૧૯.

**આમુખ :-**

ગુજરાતના માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી કુદરતી આપત્તિ માનવસર્જિત આફતો અંગે અસરગ્રસ્તોને જરૂરી સહાય આપવામાં આવે છે. ઉપરાંત આ ફંડમાંથી શારીરિક ખોડખાંપણ ધરાવતી વ્યકિતઓને તથા કેન્સર,હાર્ટસર્જરી તથા કીડનીના રોગો તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ જેવા ગંભીર પ્રકારના રોગોવાળા દર્દીઓની સારવાર માટે સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે.

કૃત્રિમ હૃદય પ્રત્યારોપણના રોગની સારવાર માટે પણ માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તદ્અનુસાર નીચે જણાવેલ ધોરણ ઠરાવવામાં આવે છે.

**સુધારા ઠરાવ :-**

૧. સરકારશ્રીની કાળજીપૂર્વકની અને પુખ્ત વિચારણાને અંતે કૃત્રિમ હૃદય પ્રત્યારોપણના રોગની સારવાર માટે માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી નીચે કોલમ નં.૩ માં જણાવેલ મહત્તમ સહાય અથવા માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડની કાર્યવાહક સમિતિ નકકી કરે તે મુજબની સહાય જરૂરીયાતમંદ દર્દીઓને માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાંથી ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | રોગનો પ્રકાર | સહાયની મહત્તમ રકમ રૂા. |
|---|---|---|
| ૧. | કૃત્રિમ હૃદય પ્રત્યારોપણ | રૂા. ૭.૫૦. લાખ |

Scanned with CamScanner

૨.	અત્રેના તા.૫/૧૧/૨૦૧૯ ના સમાનાંકી ઠરાવની અન્ય તમામ શરતો યથાવત રહેશે.

૩.	આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૧૬/૧૨/૨૦૨૦ ના રોજ માન.મુખ્ય મંત્રીશ્રીની રાહત ફંડની કાર્યવાહક સમિતિની મળેલ અનુમતિ અન્વયે આદેશ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધ્રૂવરાજસિંહ આઈ.ચુડાસમા)
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,
- રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- તમામ રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(જનસંપર્ક એકમ)માનનીય મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય,બ્લોક નં.૧, ભોંયતળીયે, સચિવાલય,ગાંધીનગર.
- તમામ વિભાગો,સચિવાલય,ગાંધીનગર.
- તમામ શાખાઓ,મહેસુલ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- તમામ કલેકટરશ્રીઓ
- તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- શાખા સીલેકટ ફાઈલ.

Scanned with CamScanner